ગાંધીનગર સમાચાર

પેથાપુરના ડાકઘરમાં ટપાલીની નિમણુંક કરવા જાહેર જનતાની માંગ

@ગાંધીનગર

● ગુજરાત રાજય સંગીત અકાદમી દ્વારા સોમવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે ડાયરો યોજાશે. જેમાં ચારણસમાજની દિકરી પોતાના સમાજની પૌરાણિક અને પવિત્ર ચારણી ચરજ રજૂ કરી માતાજીની આરાધના કરશે.

● સે-૬ ખાતે આવેલી પગાર કેન્દ્ર શાળામાં સવારે ૧૧ કલાકે બાળ મેળો યોજાશે. આ મેળામાં ગાંધીનગર તાલુકાના ૭૦ તથા શહેરના ૪૦ પ્રાથમિક શિક્ષકો બાળ મેળા અંતર્ગત નિદર્શનની તાલીમ મેળવશે.

● સેકટર-૨૩ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મુકુન્દ મહારાજની વ્યાસપીઠે ભાગવત સપ્તાહ યોજાશે.

● રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરના ઉપક્રમે આજે સવારે ૧૦.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે રમતવીરોને વિવિધ એવોર્ડથી નવાજવામાં આવશે.

● સે-૫ સ્થિત આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર ખાતે આજે સવારે ૯ થી ૪ કલાક દરમિયાન નવચંડી યજ્ઞ, સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન મહાઆરતી યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# સિવિલમાં ૨૦૦૦ કે.વી.એ.નું જનરેટર નંખાયુ

## નવા જનરેટરનું વિજ જોડાણ આપવાનું હોવાથી વિજ પુરવઠો સવાર થી સાંજ સુધી બંધ રાખવામાં આવ્યો હતો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ સંકુલના આઠ માળના નવિન બિલ્ડીંગમાં ૨૦૦૦ કે.વી.એ.નું નવું જનરેટર તંત્ર દ્વારા લાવવામાં આવ્યું છે. કુદરતી આપતિ તેમજ વિજ પુરવઠો ખોરવાઈ જાય તેવા સમયે દર્દીઓને આરોગ્યલક્ષી સેવામાં કોઈ અડચણ ના ઉભી થાય તે માટે તંત્ર દ્વારા એક કરોડ થી વધુ રૂપીયાના ખર્ચે ૨૦૦૦ કેવીએનું નવું જનરેટર નાંખવામાં આવ્યું છે. આ જનરેટર નાંખવાની કામગીરીને પગલે ગાંધીનગર હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આજે આઠ માળ સુધીના તમામ વિભાગોનો વિજ પુરવઠો બંધ રહેવા પામ્યો હતો. વિજ પુરવઠો બંધ રહેતા ઈન્ડોર દર્દીઓ, સ્નેહીજનો સહિત સ્ટાફને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ જનરેટરની લાઈન વીજ જોડાણ સાથે કનેકટ કરવાની હોવાથી વિજપુરવઠો તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો હતો. સિવિલ તંત્ર દ્વારા વીજ પુરવઠો બંધ રહેશે તેની તમામ વિભાગોને જાણ કરવામાં આવી હતી. પરંતુ હોસ્પિટલના નવા આઠ માળમાં લાઈટો બંધ રહેતા દર્દીઓ અને સ્ટાફના માણસોએ અંધારામાં દિવસ પસાર કરવો પડયો હતો.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં એમસીઆઈની



ગાઈડ લાઈન મુજબ દર્દીઓને સુવિધા પુરી પાડવામાં આવે છે. મેડીકલ કોલેજને પગલે હોસ્પિટલમાં પહેલા કરતા બેડની સંખ્યા વધારીને ૬૦૦ કરવામાં આવી છે. શહેરની હોસ્પિટલમાં જિલ્લાભરના દર્દીઓ આવતા ઓપીડી અને ઈન્ડોર વિભાગ દર્દીઓથી ભરાયેલા જોવા મળે છે. ત્યારે સિવિલ સંકુલમાં આઠ માળની નવી બિલ્ડીંગ અને પાંચ માળનો ઓપીડી વિભાગ તૈયાર કરાયો છે. આઠ માળની નવિ બિલ્ડીંગમાં ઓર્થોપેડીક, આઈસીસીયુ, હિમોડાયાલિસીસ, વીઆઈપી વોર્ડ સહિત ઓપરેશન થિયેટર અને મેલ તેમજ ફિમેલ વોર્ડ આવેલા છે. કુદરતી આપતિ અને વિજલાઈનમાં કોઈ ફોલ્ટ સર્જાય તેવા સમયે વિજ પુરવઠો ખોરવાઈ જાય તે સમયે સિવિલ સંકુલ અંધકારમાં ગરકાવ ના થઈ જાય અને આરોગ્યલક્ષી સેવામાં દર્દીઓને કોઈ મુશ્કેલીનો સામનો ના કરવો પડે તે માટે તંત્ર દ્વારા કરોડો રૂપીયાના ખર્ચે ૨૦૦૦ કે.વી.એ.નું જનરેટર નાંખવામાં આવ્યું છે. પહેલા ૨૫૦ કેવીએનું જનરેટર હતું તેની જગ્યાએ વિજવપરાશને ધ્યાને લઈ આ તોતિંગ જનરેટર નાંખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છેકે આગામી સમયમાં ઉનાળાની સિઝનનો પ્રારંભ થવાનો છે ત્યારે વિજળી વધુ વપરાય છે વધુ વપરાશને કારણે વિજ લાઈનમાં લોડ પડતો હોય છે જેને કારણે વિજળી ગુલ થઈ જવાના બનાવો બને છે. તે સમયે આ જનરેટર ઉપયોગમાં આવે અને કોઈ પણ ને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે તંત્ર દ્વારા નવું જનરેટર નાંખવામાં આવ્યું છે.

# સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સેવા સમાજનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે આજે સવારે ૭.૩૦ વાગ્યાથી શ્રી સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સેવા સમાજનો રાજયકક્ષાનો જીવનસાથી પસંદગી મેળો યોજાયો હતો. આ પસંદગી મેળામાં સમાજના રાજયકક્ષાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આશરે ૫૦૦ જેટલા લગ્નોત્સુક ઉમેદવારોએ ભાગ લીધો હતો.

સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સેવા સમાજ દ્વારા યોજાયેલ રાજયકક્ષાના જીવનસાથી પસંદગી મેળામાં સમાજના ટ્રસ્ટી પરસોત્તમભાઈ પિત્રોડા, પ્રમુખ બાબુભાઈ મિસ્ત્રી, ઉપપ્રમુખ ઠાકરશીભાઈ લુહાર, મંત્રી પંકજભાઈ મિસ્ત્રી તથા અગ્રાણી મોહનભાઈ મિસ્ત્રી સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. પસંદગી મેળામાં ૫૦૦ જેટલા લગ્નોત્સુક યુવક યુવતીઓએ ભાગ





(તસવીર : કશ્યપ નિમાવત)



લીધો હતો. જેમાં કેટલાક ઉમેદવારો વિધૂર કેવિધવા અથવા છુટાછેડા લીધેલ પણ સામેલ કરવામાં આવ્યા હતાં. આ સાથે સમાજમાં વિધવા પુનઃલગ્નને આવકારદાયક ગણાય તેવો સંદેશ પણ પાઠવાયો હતો. જીવનસાથી પસંદગી મેળામાં લગ્નોત્સુક ઉમેદવારો યોગ્ય જીવનસાથી મેળવી શકે તે હેતુથી તમામ ઉમેદવારોના સંપૂર્ણ બાયોડેટાની ફોટા સહિત વિગતો વાળી ડિરેકટરી પણ પ્રકાશિત કરાઈ હતી જે તમામ ઉમેદવારોને આપવામાં આવી હતી. ઉમેદવારો સાથે તેમના પરિવારજનો પણ મદદરૂપ થવાના આશયથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

જીવનસાથી પસંદગી સંમેલન ગાંધીનગરમાં યોજાયું હોવાથી સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સેવા સમાજના ગાંધીનગરના અગ્રણીઓ જેવા કે રજનીકાંત સુથાર, મહીપતભાઈ મિસ્ત્રી, પંકજભાઈ મિસ્ત્રી, જનકભાઈ સંઘાણીયા સહિત અન્ય કાર્યકરોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. જીવનસાથી પસંદગી સંમેલન આશરે ૪ વાગ્યા સુધી ચાલ્યું હતું. જેમાં અનેક યુવક યુવતિઓએ પોતાના જીવનસાથી માટે વિવિધ પાત્રો સાથે મુલાકાતો યોજી હતી અને સાથે આયોજકોને સુંદર આયોજન બદલ બિરદાવ્યા હતાં.

વાતવાતમાં

● એક તરફ નગરના યુવા હૈયા વેલેન્ટાઈન ડે મનાવવામાં વ્યસ્ત હતા ત્યારે બીજી તરફ નગરજનો શહેરમાં યોજાયેલા અઢળક લગ્ન સમારંભો માણવામાં વ્યસ્ત બન્યા હતા. એકથી વધુ લગ્ન સમારંભોમાં હાજરી આપવાની હોવાથી નગરજનો સતત વ્યસ્ત જણાયા હતા.

● વેલેન્ટાઈન ડે ના દિવસે પણ પોલીસે હેલ્મેટના કાયદાના અમલીકરણની કાર્યવાહી ચાલુ રાખી હતી અને કેટલાક પ્રેમી યુગલોને પણ ઝડપ્યા હતા. જો કે ઘણા ચતુર પ્રેમીપંખીડાએ અગાઉથી હેલ્મેટની વ્યવસ્થા કરી માત્ર પોલીસથી જ નહી પરંતુ પરિવારજનોની નજરથી પણ બચી જવા પામ્યા હતા.

● પોલીસ દ્વારા હેલ્મેટ પહેરવા બાબતે લાલ આંખ કરાઈ છે, પરંતુ શહેરમાં ટ્રાફિકના નિયમોનો સરેઆમ ભંગ કરતા શટલિયા તથા અન્ય વાહનો સામે પગલા લેવાતા નથી. આ કારણે નગરના ટુ-વ્હીવર્સ ચાલકોમાં પોલીસ પ્રત્યે એક તરફી કાર્યવાહી કરાતી હોય તેવી લાગણી સાથે રોષ ફેલાઈ રહ્યો છે.

● એક તો રવિવાર અને ઉપરથી પાછો વેલેન્ટાઈન ડે. સાંજના સમયે નગરના તમામ શોપીંગ કોમ્પલેક્ષો અને ખાણી-પીણી બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. શહેરના શોપીંગ મૉલમાં પાર્કિંગની જગ્યા ખુટી પડતા વાહનો રોડ પર પાર્ક કરાયેલા જોવા મળ્યા હતા.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા સિનિયર સિટીઝન કાઉન્સીલ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના



(તસવીર : કશ્યપ નિમાવત)

સહયોગથી શહેરના સેકટર - ૨૧માં આવેલ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજે સવારે બલ્ડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં રકતદાતાઓએ રકતદાન કરતા ૨૨ બોટલ એકત્ર થયું હતું.

ગાંધીનગર શહેરમાં સેવામાં હંમેશા અગ્રેસર રહેતી સિનિયર સિટીઝન કાઉન્સીલ સંસ્થાના પ્રમુખ પુરાણીભાઈ, કન્વીનર ગાંધીભાઈ અને સહમંત્રી ડી.એમ.પરમારની ઉપસ્થિતમાં સેકટર - ૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સવારે ૯ કલાકે રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમા સંસ્થાના હોદેદારો અને તેમના પરિવારના સભ્યો સહિત શહેરના નવયુવાનોએ રસ દાખવી આ શિબિરમાં જોડાઈને રકતદાન કર્યુ હતું. શહેરીજનોએ ઉત્સાહભેર રકતદાન કરતા ૨૨ બોટલ રકત એકત થયું હતું. આ કામગીરીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની તબિબિ ટીમે સેવા પુરી પાડી હતી. આ એકત્ર કરવામાં આવેલ બ્લડ જરુરીઆત મંદ દર્દીઓને પુરુ પાડવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું હતું.

# શહેરમાં પ્રવેશ પહેલા હેલ્મેટ વેચાણકેન્દ્રો

ગાંધીનગર, તા.૧૪

ટ્રાફીક નિયમોના અમલ માટે પોલીસે શહેરમાં શરૂ કરેલી કડક કાર્યવાહીથી વાહનચાલકો હેલ્મેટ પહેરવા મજબૂર બન્યા છે. ગાંધીનગરમાં પ્રવેશ પહેલા હેલ્મેટ હોવો જ જોઈએ તેની ચિંતાએ માર્ગમાંથી હેલ્મેટની ખરીદી થઈ રહી છે. ચિલોડા નજીક હેલ્મેટ વેચાણકર્તાઓને તડાકો પડી ગયો છે. નવરાધુપ બેસી રહેતા આ વેપારીઓને ઘરાકી નીકળતાં જ પડી રહેલો માલ ચપોચપ વેચાણ થઈ જતાં સલવાયેલી મુડી નીકળવા લાગી છે. જો કે પોલીસની ટ્રાફીક નિયમો અંગેની આ પ્રકારની કાર્યવાહી હેલ્મેટ, સિટબેલ્ટ પુરતી મર્યાદીત ન બની વિસ્તૃત થાય તેવી લોકલાગણી પણ ઉભી થઈ છે.

ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો તેમજ અલગ અલગ પોઈન્ટ ઉપર ટ્રાફીક પોલીસની હેલ્મેટ અને સિટ બેલ્ટ ઝુંબેશ જોરશોરથી શરૂ કરી દેવાઈ છે. જેમાં પ્રથમ બે દિવસ વિક્રમજનક દંડની વસુલાત કરાઈ છે. પોલીસની શેહશરમ વગરની કાર્યવાહીથી હવે વાહનચાલકો હેલ્મેટ પહેરવા મજબુર બની ગયા છે. જેથી ગાંધીનગરમાં પ્રવેશ કરતા પહેલા જ હેલ્મેટની જરૂરિયાત ઉભી થવા લાગી છે જે કારણે ચિલોડા તેમજ અમદાવાદ તરફથી આવતા વાહનચાલકો માર્ગમાં વેચાણ થતાં હેલ્મેટ ખરીદી રહ્યા છે. હેલ્મેટ ના વેચાણમાં આવેલી અચાનક તેજીએ વેચાણકર્તાને તડાકો પડી ગયો છે. હેલ્મેટ ખરીદીમાં મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર જોવા મળી રહી છે.

હેલ્મેટની ખરીદારીમાં



(તસવીર : નટુભાઈ પટેલ)

વાહનચાલકનો ઉત્સાહ ઓછો અને મજબૂરી વધુ ડોકાઈ રહી છે. પોતાની સલામતી માટે પહેરવાના આ સાધનો માટે પણ પોલીસને કડક કાર્યવાહી કરવી પડે તે ખરેખર સ્વચ્છંદી માનસિકતા પ્રગટ કરે છે. ગાંધીનગર પોલીસ દ્વારા હેલ્મેટ ન પહેરનારને ફરજીયાત પણે રોકીને દંડનાત્મક કાર્યવાહી કરાઈ રહી છે. જેમાં વળી સરકારે નવો સુધારો કરી આ દંડનાત્મક કાર્યવાહીમાં અનેક ગણો વધારો કરેલ છે છતાં ચાલકો યેનકેન પ્રકારે હેલ્મેટ પહેરવાનું ટાળી રહ્યા છે. જો કે પોલીસની બેધારી નિતીના કારણે લોકોની માનસિકતા બદલાય છે જેમાં શટલીયા જીપોને કોઈ જ કાયદાનો અમલ કરાતો નથી જયારે નાના વાહનચાલકો દંડાઈ રહ્યા છે. છતાં પણ વાહનચાલકોએ સ્વયંની સલામતી ખાતર પણ હેલ્મેટ પહેરવી અનિવાર્ય સમજવી જોઈએ જે દ્દષ્ટિએ હાલ હેલ્મેટના વેચાણમાં તોતીંગ વધારો નોંધાયો છે.

### સમર્પણ પરિવાર દ્વારા નિઃશુલ્ક પણે શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૪

સમર્પણ પરિવાર દ્વારા તા. ૧૫ થી ૨૨ ફેબ્રુઆરીના રોજ સુધી ત્રણ સ્થળો પર નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેકટર-૧૨ બલરામ હોલ ખાતે સાંજે ૭ થી ૯.૩૦ કલાક દરમિયાન, સરગાસણ સરકારી પ્રાથમિક શાળા ખાતે સાંજે ૭ થી ૯.૩૦ કલાક દરમિયાન, સે-૩૦ પ્લોટ નં. ૭૫૬/૨, જાગૃતિપાર્ક સોસાયટી ખાતે સાંજે ૪ થી ૬.૩૦ કલાક દરમિયાન શિબિર યોજાશે. આ આઠ દિવસીય શિબિરમાં સ્વામીજી દ્વારા સાત ચક્રો, ત્રણ નાડીઓ, આભામંડળ અને ધ્યાન સહિતની માહિતી આપવામાં આવશે. સર્વે નગરવાસીઓને શિબિરનો લાભ લેવા જણાવાયું છે.

# માતૃભાષા તો મા સમાન સંસ્કાર આપે છે

## પ્રાથમિક શિક્ષણ ફરજિયાત માતૃભાષામાં જ અપાય તેવા પગલા લેવાની અનિવાર્યતા અંગ્રેજી માધ્યમમાં પણ ગુજરાતીને બીજી ભાષા તરીકે શીખવવું અનિવાર્ય બનાવો



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧૪

શહેરની ખૂબ જ વિખ્યાત અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ મેળવવા મોટી લાઈન લાગી હતી અને અંદર બે અઢી વર્ષના બાળકો અને તેમના અત્યંત ઉત્સાહી માતા પિતાનો ઈન્ટરવ્યુ ચાલી રહ્યો હતો. ઈન્ટરવ્યુ લેનારે કૂમળા બાળકને પૂછયું, 'બેટા તમે અહીં કેવી રીતે આવ્યા? વૉક કરીને કે પછી ટ્રાવેલ કરીને?' હજુ તો તેનો જવાબ આપે ના આપે ત્યાં તો બીજો સવાલ કર્યો, 'બેટા, શાહમૃગને ઈંગ્લિશમાં શું કહેવાય?' પેલા અબૂધ બાળકના મા-બાપ એકબીજાના ચહેરા તાકી રહ્યા કારણ કે બાળક પછી સવાલોનો મારો તેમના પર થવાનો હતો. હવે જો તેમને પોતાને શાહમૃગને અંગ્રેજીમાં શું કહેવાય તે ખબર નથી તો બાકીના સવાલોમાં તેમની શું હાલત થશે? ખરેખર તો તેમને પોતાની હાલત ગમે તે થાય પરંતુ અઢળક રૂપિયા ખર્ચવાની તૈયારી છતાં બાળકને પ્રવેશ મળશે કે નહીં તેની ચિંતા વધારે હતી.

આગામી તા. ૨૧મી ફેબ્રુઆરી એ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાશે. વિશ્વ આખામાં આ દિવસ ઉજવવો પડે તે જ દર્શાવે છે કે દુનિયામાં માતૃભાષાઓની હાલત બરાબર નથી. સમગ્ર વિશ્વ ડિઝીટલ યુગમાં સંકોચાતુ જાય છે અને એક નવી વૈશ્વિક ભાષા જાણે આકાર પામી રહી હોય તેમ અંગ્રેજીનો વ્યાપ અને વિસ્તાર વધતો જાય છે. જો કે હજુ પણ વિશ્વમાં અનેક રાષ્ટ્રો એવા છે જેઓએ પોતાની ભાષા અને ઓળખ આ વંટોળ સામે મજબૂતાઈથી ટકાવી રાખ્યા છે. અને અન્યોને પોતાની ભાષા શીખવા પણ મજબૂર કરી રહ્યાં છે. જો કે ગુજરાતમાં માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ હોવું જોઈએ તેવું કોઈ સરકારી ફરજિયાત પણું ના હોવાથી ખાસ કરીને શહેરી વિસ્તારોમાં અંગ્રેજી માધ્યમનો પ્રભાવ એટલી હદે વધી રહ્યો છે કે જેના કારણે બે પેઢીઓ વચ્ચે વૈચારિક ખાઈ વધતી જતી હોય અને નવી પેઢી મૂળભૂત સંસ્કૃતિ, સંસ્કાર અને સાહિત્ય વારસાથી વિમુખ થઈ રહી હોવાની ભીતિ સેવાઈ રહી છે. અંગ્રેજોએ વિશ્વ આખા પર રાજ કર્યુ ત્યારે દરેક પ્રજાને મ્હાત કરવા તેમણે તેની જે જે શકિતઓ કે ધરોહર હતી તેના પર છૂપા પ્રહાર કરી વિધ્વંશ કરી હતી. ભારતની સુદ્દઢ સંસ્કાર શકિતને ખાળવા તેમણે 'શિક્ષણ'ના શસ્ત્રનો સહારો લીધો અને આપણી પંગુતાતો જુઓ કે હજુ પણ આપણે મેકોલોએ થોપેલી એજ શિક્ષણ પધ્ધતિને અપનાવી રાખી છે.

અંગ્રેજી ભાષામાં અડધા અક્ષરને પૂરો કરવા 'એ' લગાડાય તે જાણ્યા વગર જ માત્ર પ્રભાવ હેઠળ આપણે જાતે જ યોગને 'યોગા', રામને 'રામા' અને રાગને 'રાગા' બનાવી દીધા છે. ભાષા કયારેય એકલી નથી આવતી સાથે તે તેની સંસ્કૃતિ લઈને જ આવે છે માટે જ અહીંનું વાતાવરણ વિપરિત હોવા છતાં આપણે અંગ્રેજી પહેરવેશ પણ અપનાવી લીધો છે અને હવે તહેવારો રિવાજો પણ એટલી જ ઝડપથી અપનાવી રહ્યાં છીએ.

ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક ધ્વનિલ પારેખ કહે છે 'દરેક ભાષા પરિવર્તનશીલ છે અને ભાષાના પરિવર્તનને અટકાવી શકાવાનું નથી પરંતુ સરકારે માત્ર પ્રાથમિક જ નહી પરંતુ ધો-૧૨ સુધીનું શિક્ષણ ફરજિયાત માતૃભાષામાં જ અપાય તે અંગે પગલા લેવાની જરૂર છે. આ માટે સાહિત્ય પરિષદ, સાહિત્ય સભા વગેરે જેવી સંસ્થાઓએ પણ સબળ અવાજ ઉઠાવવાની જરૂર છે. જો અંગ્રેજી માધ્યમમાં જ ભણવું હોય તો સેકન્ડ લેંગ્વેજ તરીકે ગુજરાતીને ફરજીયાત રાખવી જોઈએ.' શહેરના વધુ એક જાણીતા ગુજરાતી પ્રાધ્યાપક ડૉ. લીનાબેન સ્વાદિયા માને છે કે હાલ ગુજરાતી માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓના કારણે ટકી છે. જયાં સુધી સરકારી રાહે પ્રાથમિક શિક્ષણ માત્ર માતૃભાષામાં જ હોવું જોઈએ તે નિર્ણય નહીં લેવાય ત્યાં સુધી ગુજરાતી હજુ વધુને વધુ નબળી પડતી રહેશે. તેમના મતે બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તેના ઉછેરમાં પર્યાવરણ મહત્વનો ભાગ ભજવે છે. આ પર્યાવરણને બાળક માતૃભાષામાં જ સૌથી સારી રીતે સમજી શકે છે. માતૃભાષા તો મા સમાન સંસ્કાર પુરા પાડે છે તેથી બાળક પોતાની અભિવ્યકિત પણ માતૃભાષામાં જ સારી રીતે કરી શકે છે. શિક્ષણ હંમેશા સરળ હોવું જોઈએ પરંતુ બાળક માતૃભાષા કરતા અન્ય ભાષામાં જાણે છે તેથી શિક્ષણ તેના માટે અઘરું બનતું જાય છે. બંને વિદ્વાનોના મતે વૈશ્વિક સ્પર્ધામાં ટકવા અંગ્રેજી શીખવું જરૂરી છે પરંતુ તે ગુજરાતીને અવગણીને તો નહીં જ.

તાજેતરમાં ગુજરાત સરકારે ગુજરાતી ફિલ્મોની ગુણવત્તા સુધારવા નવી નીતિ જાહેર કરી જેને ચોતરફથી આવકાર મળ્યો છે. આ નીતિથી ગુજરાતી ભાષાને બળ મળશે તેવો રાજયના સાહિત્યકારોમાં પણ આશાવાદ ફેલાયો છે. થોડાક સમય પહેલા ગુજરાત સરકારે 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવ્યું હતું. આ પ્રકારના પગલાઓથી ગુજરાતીને થોડી ઘણી મદદ મળી રહે પરંતુ જયાં સુધી શૈક્ષણિક વ્યવસ્થા જેમાં ખાનગી અંગ્રેજી શાળાઓમાં ગુજરાતીને ફરજિયાત નહીં બનાવાય ત્યાં સુધી આ માત્ર હવામાં હલેસા મારવા જેવું બની રહેશે તેવું લાગે છે. કર્ણાટક, તમિલનાડુ અને મહારાષ્ટ્ર જેવા રાજયોમાં અંગ્રેજી માધ્યમમાં ભણનારે પણ ફરજિયાત સ્થાનિક ભાષા શીખવી પડે તેવા કાયદા અમલમાં છે જ. ગત ડિસેમ્બર માસમાં ભૂજ ખાતે મળેલ ગુજરાત સાહિત્ય પરીષદના અધિવેશનમાં ધો-૧ થી ૧૨નું શિક્ષણ ગુજરાતીમાં ફરજિયાત કરવા અંગેનો ઠરાવ પસાર કરી સરકાર સમક્ષ મૂકવામાં આવ્યો છે. ગુજરાતી માત્ર વિષય તરીકે જ ભણાવાય એટલું નહી પરંતુ મૂલ્યાંકનમાં પણ લેવાય તે માટે પણ ઠરાવ અધિવેશનમાં પસાર કરાયો છે.

અત્યારે બાળક મોટું થતા જ વિદેશ જવાના સ્વપ્નોમાં રાચે છે ત્યારે જરૂરી એ છે કે ભલે તે અંગ્રેજીમા ભણે પરંતુ ગુજરાતીનું મહત્વ સમજવું અને શીખવી જરૂરી છે. એક હકીકત એ છે કે જે બાળકને માતૃભાષાનું પુરુતું જ્ઞાન હોય તે બાળક અન્ય ભાષા પણ સારી રીતે શીખી શકે છે. માત્ર ગુજરાતની સંસ્કૃતિ કે સાહિત્ય વારસા માટે નહીં પરંતુ માતા પિતા અને પરિવાર સાથે બાળકની લાગણીઓ થકી વધુ મજબુત રીતે જોડાઈ રહે તે માટે પણ માતૃભાષા અનિવાર્ય છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

### શહેર વસાહત મહાસંઘની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની સામાન્ય સભા સેકટર-૫ ખાતે યોજાઈ હતી. આ સભાની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ સંસ્થાની કામગીરી અંગેની જાણકારી આપી હતી. ત્યારબાદ વસાહતી પ્રતિનિધિઓ દ્વારા અનેક હાલમાં સ્પર્શતા પ્રશ્નો જેવા કે શહેરમાં અયોગ્ય જગ્યાએ બાંકડા, સોલર લાઈટો, વૃક્ષ ઉછેર માટે પાંજરાઓ બાબતો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ ઉપરાંત શહેરના નાગરિકોને લગતા જાહેર પ્રશ્નો જેવા કે જાહેર રોડ, રસ્તાઓ, સ્ટ્રીટલાઈટ, વીટકોસ બસ વ્યવસ્થા, પાણીનો ઓછો ફોર્સ, બાગબગીચા, રંગમંચ, વધતી ઝૂંપડપટ્ટીઓ અને સેકટરના ફરતે ચાલવા માટે બનાવેલ ફૂટપાથ તૂટેલી હાલતમાં જોવા મળતા હોય છે તેવા અનેક પ્રશ્નોની સમસ્યા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

અંતે વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાની પુનઃ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ સામાન્ય સભામાં મહેન્દ્રભાઈ ભાવસાર, મુકેશ શાહ, બીપીન જાની, ઈશ્વરભાઈ દેસાઈ, રાજેન્દ્ર પારેખ, અબ્દુલભાઈ શેખ, નટુભાઈ પટેલ, યુસુફભાઈ પઠાણ, નરેશભાઈ પરમાર સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### પેથાપુરના ડાકઘરમાં ટપાલીની નિમણુંક કરવા જાહેર જનતાની માંગ

પેથાપુર ડાકઘરમાં છેલ્લા ૬ માસથી પણ વધુ સમયથી કાયમી ટપાલીની જગ્યા ખાલી છે. ટપાલીના ન હોવાના કારણે જાહેરજનતાને અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે. આ મુશ્કેલીઓના કારણે કેટલાક પેન્શનરો પણ મુશ્કેલીઓમાં મુકાયા છે. ટપાલ વહેંચણીનું કાર્ય રોજમદારો દ્વારા કરાવવામાં આવે છે. જેથી સમયસર જાહેર જનતાને ટપાલ મળતી નથી. આથી જાહેર જનતા માટે વહેલી તકે ટપાલીની નિમણુંક કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### ચિરવિદાય

- સ્વ. રાઘવભાઈ આલજીભાઈ સોલંકી, ઉ.વ.૫૨
- સ્વ. હિંમતલાલ દલસુખભાઈ પંડ્યા, ઉ.વ.૮૬
- સ્વ. મુકેશભાઈ બાબુલાલ ભાવસાર, ઉ.વ.૬૫
- સ્વ. શંકરભાઈ વરશીદાસ પટેલ, ઉ.વ.૧૦૦
- સ્વ. લક્ષ્મણજી ગાભાજી ઠાકોર, ઉ. વ.૬૮
- સ્વ. કીર્તિકુમાર રમણલાલ દરજી, ઉ.વ.૫૦